
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ વીતરાગ સ્તુતિ-ભાષાનુવાદ. ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ. )... ... ૧૨૭
૨ સત્યજ્ઞાનનું રહસ્ય ... ... ... ( અનુવાદ )... ... ૧૩૦
૩ વૈશાલી. ... ... ... ... ( રા. સુશીલ ) .. ... ૧૩૩
૪ વિવિધ વિચારશ્રેણી ... ...( રાજપાળ મગનલાલ વોરા )... ... ૧૪૦
૫ આત્મકલ્યાણના સાધન .. ...(અનુ૰ વિઠ્ઠલદાસ મૂ. શાહ. ) .. ... ૧૪૨
૬ શ્રી આત્મારામજી શતાબ્દિ લેખમાળા (૧) ... ... ... ૧૪૬
૭ વીસમીસદીના પ્રભાવક જયોતિર્ધર ... ... ... ... ૧૪૭
૮ ચર્ચાપત્ર-એક ખુલાસો ... ... ... ... ... . ૧૫૦
૯ સ્વીકાર-સમાલોચના. ... ... ... ... ... ... ૧૫૧



શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત -

## श्री बृहत् कल्पसूत्रम् -

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા. )

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે. નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેનાં વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે ? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે ? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા**—ભાવનગર.

**જલદી નામ નોંધાવો. આ લાભ પાછળથી મળશે નહિં. થોડી નકલો સીલીકે છે**

### " શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર મૂળ. "

આગળ પ્રકટ થયેલની અશુદ્ધિઓને શોધી શુદ્ધ સંશોધન કરી ઉંચા કાગળો, શાસ્ત્રી સુંદર ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાય છે. શ્રી **પ્રથમ પર્વ** ફાગણ શુદ ૨ ના રોજ પ્રસિદ્ધ થશે. પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી બધા પર્વો મુદ્દલ કિંમતે આપવામાં આવશે. કેટલાક ગ્રાહકોના નામ નોંધાઇ ગયેલા છે. વ્યાખ્યાન માટે, ભંડાર માટે **પ્રત** આકારે તેમજ લાઇબ્રેરી અને ગૃહસ્થ માટે **બુક** આકારે છપાવેલ છે જે સાઇઝ જોવે તે સ્પષ્ટ લખી જણાવવું

પાછળ ગ્રાહક થનારને સીલીકમાં હશે તો જ બધા પર્વ મળી શકશે.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો."

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. पौष आत्म सं. ४०. { अंक ६ ठ्ठो.

## શ્રી વીતરાગ સ્તવ–ભાષાનુવાદ.

### ષષ્ઠ પ્રકાશ.

### પ્રતિપક્ષનિરાસ.*

વંશસ્થ–ઇંદ્રવંશા.

**નેત્રો પ્રતિ સ્વામિ ! સુધાંજના સમા, લાવણ્ય–પુણ્યા તનુવંત આપમાં;**
**[1]મધ્યસ્થતાયે દુઃખ અર્થ થાય છે, તો દ્વેષથી નિન્દનની શી વાત છે ? ૧**

---

* શ્રી વીતરાગ દેવનો કોઇ પ્રતિપક્ષી–વિરુદ્ધપક્ષી–શત્રુ છે નહિં–હોઈ શકે જ નહિં, એમ અત્રે શ્રી હેમચંદ્રાચાર્યજીએ સુંદર અને માર્મિક યુક્તિપુરઃસર પ્રતિપાદન કરી બતાવ્યું છે.

૧ હે ભગવન્ ! ત્હારા પ્રત્યે મધ્યસ્થતા-તટસ્થતા–ઉદાસીનતા–ઉપેક્ષા રાખવી તે પણ દુઃખદાયક થાય છે, ( કારણ કે સદ્દેવના શરણ વિના ભવભ્રમણ દુઃખનો અંત ન આવે ), તે પછી દ્વેષપૂર્વક ત્હારી નિન્દા કરે તેના દુઃખનું તો પૂછવું જ શું ? તાત્પર્ય કે ત્હારી નિન્દા કરવા યોગ્ય નથી એટલું જ નહિં પણ ત્હારા પ્રત્યે માધ્યસ્થ્ય પણ રાખવા યોગ્ય નથી,–એકાંત ભક્તિ જ કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્હારો ય હે નાથ! વિપક્ષ[2] વર્ત્તતો, ને ક્રોધ આદિથી વિલુપ્ત તે થતો;
એ કિંવદન્તી પણ અત્ર સાંભળી, વિવેકીઓ જીવન શું ધરે વળી? ૨
વિરક્ત[3] જો તે પ્રતિપક્ષ વર્તતો, તો તેહ તો તાત! પ્રતીત તું થતો;
જો રાગી તો તે ન વિપક્ષ તુજનો, ખદ્યોત શું હોય વિપક્ષ સૂર્યનો? ૩
અનુત્તરે તે [4]લવસત્તમો અહા! ત્હારા પ્રભો! યોગતણી કરે સ્પૃહા;
તો યોગમુદ્રાહીન અન્ય લોકની, શી પૂછવી વાત જ તે સંબંધની? ૪
તને અમે નાથપણે સ્વીકારીએ. તને સ્તવીએ, તુજને ઉપાસીએ;
ત્રાતા તુંહીથી પર કોઈ છે નહિં, શું બોલીયે શું કરીયે અમે અહીં! ૫
મલિન આચાર સ્વયં ધરાવતા, [5]પ્રતારણે તત્પર જેહ વર્ત્તતા;
એવા પરોથી[6] જગ આ ઠગાય રે! પોકારીએ કોની સમીપમાં? અરે! ૬
છે સર્વદા મુક્ત છતાં ય વિશ્વના, કરી રહ્યા સર્જન-નાશ-પાલના!!!
એવા જ વંધ્યાસુત તુલ્ય દેવને, આશ્રે કયો ચેતનવંત ભુવને? ૭

૨ હે વીતરાગ! ત્હારો પણ પ્રતિપક્ષી છે અને તે વળી ક્રોધ આદિથી યુક્ત છે, એવી ઉક્તિ સાંભળીને વિવેકીઓ શું જીવે ખરા કે? કારણ કે ત્હારો પ્રતિપક્ષ છે એવી અસંભાવ્ય વાત સાંભળીને તો વિવેકીને ડૂબી મરવા જેવું થાય. તાત્પર્ય કે-ત્હારો પ્રતિપક્ષ છે એવી વાત પણ વિવેકી કાને ધરે નહિં, તો પછી માને તો શી જ રીતે?

૩ હવે ધારો કે દલીલની ખાતર પ્રતિપક્ષ માનીએ તો તેમાં આમ વિરોધ આવે છે: (૧) જો તું વીતરાગનો પ્રતિપક્ષ વિરક્તવીતરાગ હોય, તો તે તો તું જ છે એમ પ્રતીત થાય છે, ( Both are identical ) એટલે પ્રતિપક્ષનું અસ્તિત્વ રહેતું નથી. (૨) અને જો તે પ્રતિપક્ષ રાગી હોય, તો પણ તે ત્હારો પ્રતિપક્ષ હોઈ શકે નહિં; કારણ કે પ્રતિપક્ષપણું સમાન શીલાદિવાળા-સમોવડીઆમાં ઘટી શકે; પણ આ તો ક્યાં સૂર્ય અને ક્યાં આગીઓ? આમ બીજા પ્રકારની યુક્તિથી ત્હારો પ્રતિપક્ષ-સમોવડીઓ-વિરોધી ઘટતો નથી,-આખા વિશ્વમાં ત્હારા સામા પક્ષે ઉભો રહી શકે એવો કોઈ નથી.

૪ અનુત્તર વિમાનવાસી દેવો 'લવસત્તમ' કહેવાય છે, કારણ કે સાત લવ વિશેષ આયુષ્ય હોત તો તે અનુત્તર વિમાને જવાને બદલે મોક્ષગતિને પામત. અનુત્તર કહેવાનું કારણ એ કે આથી ઉત્તર-અધિકતર આયુસ્થિતિ નથી. કહ્યું છે કે-

"ठिईण सेठा लवसत्तमा वा"

શ્રી સૂત્રકૃતાંગ ૧, ૫, ૨૪

૫ વંચનમાં-ઠગવામાં. ૬ અન્ય દર્શનીઓ.

૭ નિત્યમુક્ત છતાં જે વિશ્વના સર્જન, પાલન અને સંહારમાં તત્પર છે એવા વંધ્યાપુત્ર જેવા દેવને કયો સચેતન મનુષ્ય સેવે?-'વાંઝણીનો પુત્ર' કહેવો એ જેમ વદતોવ્યાઘાત છે-તેમ એવા પ્રકારનું દેવસ્વરૂપ પણ વદતો વ્યાઘાત છે સ્વયં જ ખંડિત થાય છે. અત્રે કવિએ પરદર્શનીએ કલ્પેલા દેવને વંધ્યાસુતની ઉપમા આપી તીવ્ર કટાક્ષ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામાર્ત્ત જે ને જઠરાગ્નિ-આર્ત્ત જે, એવા ય દેવોથી થતા કૃતાર્થ જે! !
દેવાસ્તિકો[૮] તે પર દર્શનોતણા, હા હા! કરે નિન્હવ તું સમાનના. ૮
અપુષ્પ[૯] શા કોઇ પ્રમાણનો વળી, ઉત્પ્રેક્ષણા તેમ જ કલ્પના કરી;
ગર્જંત ગેહે પર વાદી એહવા, ન માય દેહે ત્યમ નિજ ગેહમાં !!! ૯

## રથોદ્ધતા.

સ્નેહરાગ દઢ કામરાગ વા, શકય છે સહજમાં નિવારવા;
દૃષ્ટિરાગ[૧૦] પણ દુષ્ટ છેદવો, સંતને પણ સુદુષ્કરો હવો. ૧૦

દૃષ્ટિ તો સમ, મુખ પસન્ન ને, જેહનું વચન પ્રિય લોકને;
એહવા પ્રીતિદ નાથ! તું પ્રતિ, રે' ઉદાસ જન મૂઢ દુર્મતિ. ૧૧

## અનુષ્ટુપ્.

વાયુ થંભે દ્રવે અદ્રિ, જલ જ્વલે કવચિત્ યદિ;
તોય આપ્ત[૧૧] થવા યોગ્ય, રાગાદિગ્રસ્ત ના કદી. ૧૨

## इति षष्ठः प्रकाशः

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

---

૮ અત્રે શ્રી કલિકાલસર્વજ્ઞે માર્મિક ઉપહાસમિશ્રિત કટાક્ષ સાથે ખેદ વ્યકત કર્યો છે કેઃ–કામાગ્નિ અને જઠરાગ્નિથી પીડાઇ રહેલા દેવોવડે પણ જે પોતાને કૃતાર્થ–કૃતકૃત્ય માને છે એવા પરદર્શની દેવાસ્તિકો–ચુસ્ત દેવભકતો બિચારા અરે રે! આપ જેવાનો નિહ્નવ–અપલાપ કરે છે!!

૯ આકાશપુષ્પ જેવું કોઇ પ્રમાણ ઉત્પ્રેક્ષીને અને કલ્પીને ઘરમાં ગાજતા એવા 'ગૃહશૂરા' પરવાદીઓ પોતાના દેહમાં કે ગેહમાં માતા નથી! ફૂલીને ફાળકા બને છે!!

૧૦ દૃષ્ટિરાગ છેદવો સંતને પણ કઠિન છે.

**आप्ति हिं रागद्वेषमोहानामेकान्तिक आत्यन्तिकश्चक्षयः । सा येषामस्ति ते खल्वाप्ताः ॥**

સ્યાદ્વાદમંજરી. શ્લો. ૧ વિવરણ.

**અર્થાત્**—આપ્તિ એટલે રાગ–દ્વેષ–મોહનો એકાંતિક અને આત્યંતિક ક્ષય, તે જેને હોય તે આપ્ત–વિશ્વસનીય પુરૂષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## જૈન દર્શનની દૃષ્ટિએ.

[ ગતાંક પૃષ્ઠ ૧૦૮ થી શરૂ ]

ચેતના કે ચિત્તનું અસ્તિત્વ ભૌતિક પદાર્થોથી સ્વતંત્ર હોય એમ વિશ્વને માયારૂપ ગણવાથી પ્રતીત થઈ શકે છે. આનું કારણ એ કે ચિત્તની ઉપર આધાર રાખતાં દ્રવ્યમાંથી ચિત્તની સંભાવના ન જ હોઈ શકે. વિશ્વ-વ્યાપી ચેતના જ સત્ય વસ્તુ છે એમ વેદાન્ત માને છે. આ વિશ્વવ્યાપી ચૈતન્યને વેદાન્ત ઈશ્વર કે બ્રહ્મ પણ કહે છે. બ્રહ્મ સિવાયનું બધું યે ભ્રમ-રૂપ છે, એવો વેદાન્તનો સ્પષ્ટ મત છે.

કુદરતના નિયમોની અનિવાર્ય આવશ્યકતા અને એકરૂપતા માટે ભૌતિક પદાર્થોનું અસ્તિત્વ ખાસ જરૂરનું છે એવી દલીલનો પ્રતિકાર સહે-લાઇથી થઈ શકે છે. આખું યે વિશ્વ સત્ય હોય કે કાલ્પનિક હોય પણ તેથી પ્રાયોગિક વિજ્ઞાનમાં કંઇ પણ પરિવર્ત્તન નથી થતું. કુદરતના નિયમો કુદરતનાં સ્વરૂપ વિષયક આપણા વિચારો ઉપર લેશ પણ નિર્ભર રહેલ નથી. કુદરતનું સ્વરૂપ સત્ય હોય કે કાલ્પનિક હોય અને એ સંબંધમાં આપણા વિચારો ગમે તે હોય. કુદરતના નિયમો સ્વાયત્ત છે. કુદરતનાં સ્વરૂપ સંબંધી આપણા વિચારોનો નિર્બંધ કુદરતના નિયમો ઉપર ચાલી નથી શકતો.

માયાવાદની દ્રષ્ટિએ કુદરતના નિયમો સંબંધી કૅન્ટનું મંતવ્ય સત્ય છે એમ સામાન્ય રીતે મનાય છે. કૅન્ટનું એ મંતવ્ય નીચે પ્રમાણે છેઃ—

"વસ્તુઓનું અસ્તિત્વ કેટલાક નિયમોને આધીન છે એમ અનુભવ ઉપરથી આપણને જણાય છે. નિયમો અને વસ્તુઓનો સંબંધ બહુ વિચારવા જેવો છે. નિયમોમાં વસ્તુઓ અંતર્ગત થતી હોવાનું મનાય તો વસ્તુઓને અનુલક્ષીને નિયમો છે એમ કહી શકાય. વસ્તુનું અસ્તિત્વ અમુક સ્વરૂપમાં અવશ્ય હોવું જોઇએ એમ અનુભવ ઉપરથી બોધ નથી મળતો. વસ્તુઓનાં સ્વકીય સ્વરૂપનું શિક્ષણ અનુભવથી અશકય છે. "–( Prolegomena pp, 50–51. )

વસ્તુઓનાં સ્વરૂપના સંબંધમાં વિચારણાથી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. વસ્તુઓનો અનુભવ વસ્તુઓના સંસર્ગથી થાય છે. વસ્તુઓનો અનુભવબુદ્ધિના નિયમોને સર્વદા અનુરૂપ નીવડે છે. આથી વસ્તુઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમો બુદ્ધિના નિયમો કે એવા જ કોઈ નિયમોને સ્વાધીન છે એમ કહી શકાય. પ્રકૃતિના નિયમોની અચલતામાં સ્હેજ પણ પરિવર્તન કદાપિ શકય નથી

કુદરતના નિયમો અવિચળ અને સુનિશ્ચિત છે એવો નિર્ણય સર્વથા સયુક્તિક છે. દ્રવ્યનાં સ્વરૂપથી તેમની એકતા અને અચલતા સુરક્ષિત રહે છે. ચિત્ત અને ભૌતિક પદાર્થ એ બે સૌથી મહત્ત્વનાં દ્રવ્યો છે. ચેતનાનો વિશ્વ સાથે સંસર્ગ રહે તો વિશ્વ કાલ્પનિક હોય તો પણ સત્ય વિશ્વની પરિસ્થિતિ જેટલી જ તેની આવશ્યકતા આપણને થઈ પડે એ નિર્વિવાદ છે.

ખરો જ્ઞાતા કોણ છે ? એ પ્રશ્ન હવે આપણી સમીપ ઉપસ્થિત થાય છે. કોઈ મનુષ્ય પોતે જ ખરી રીતે જ્ઞાતા બની શકે ? બુદ્ધિ એ ખરો જ્ઞાતા છે કે નહિ ? એવા એવા અનેક પ્રશ્નો આ સંબંધમાં આપણે વિચારવાના રહે છે. જો મનુષ્ય પોતે જ ખરો જ્ઞાતા હોય તો તેને કાળે કરીને અમુક વસ્તુઓ કે ઘટનાઓની વિસ્મૃતિ ન થાય. જ્ઞાન અને વિસ્મૃતિનો મેળ ન હોઇ શકે. જ્યાં જ્ઞાન છે ત્યાં વિસ્મૃતિની સંભાવના ન હોય. વિસ્મૃત થયેલી વસ્તુઓ કે ઘટનાઓનું પુનઃ સ્મરણ થઇ શકે છે એ ઉપરથી જ્ઞાન તો કાયમ રહે છે એમ પ્રતીત થાય છે. આધુનિક માનસશાસ્ત્ર ઉપરથી વિસ્મરણનાં સંભાવનીય કારણોનું યથાર્થ જ્ઞાન મળી રહે છે. ભૂલમાં ફેંકી દીધેલી વસ્તુનું હીપ્નોટીઝમના પ્રતાપે સ્મરણ થયાના દ્રષ્ટાન્તો પણ મળી આવે છે. વસ્તુ ફેંકી દેવામાં આવી હતી એ કોણે જાણ્યું ? વસ્તુને ફેંકી દેવાતી કોણે જોઇ ? વસ્તુ કયાં પડી એનું સ્મરણ કોને થયું ? વિગેરે પ્રશ્નો આ સંબંધમાં ઊઠે એ સાહજિક છે. એ પ્રશ્નોનો જવાબ એક જ હોઈ શકે અને તે એ જ કે આત્માએ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એમ વેદાન્ત કહે છે. સચ્ચિદાનંદ એટલે અસ્તિત્વ, ચેતના અને સુખ. આત્મા એ ખરો જ્ઞાતા છે, શરીર નહિ. ચેતના અનંત અને સર્વજ્ઞ છે એવી પણ વેદાન્તની માન્યતા છે.

દરેક આત્મા અને પરમાત્મા વચ્ચે સંપૂર્ણ એકરૂપતા છે, કોઈ પણ આત્મા પરમાત્માથી ભિન્ન નથી એમ વેદાન્તની દ્રષ્ટિએ નિશ્ચયપૂર્વક કહી શકાય. ચેતના અમર છે અને તે સદાકાળ અપરિવર્ત્તનશીલ છે. વસ્તુઓનું જ્ઞાન અને અન્વીક્ષણ ચેતના ઉપર જ નિર્ભર છે. ચેતના જન્મ, મૃત્યુ અને સમયથી પણ પર છે. ચેતનારૂપ મહાન્ આંતર સત્ય તત્ત્વ સાથે એકતા કરનાર જીવાત્માઓ જ અમરત્વ પ્રાપ્ત કરી શકે છે. દ્રશ્યમાન વિશ્વને ઇંદ્રિયોની ક્રિયાનો નિર્બંધ હોવાથી, ઇંદ્રિયોથી દ્રશ્યમાન વિશ્વનું મહત્ત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશિષ્ટ પ્રકારનું નથી. ખરૂં મહત્ત્વ તો ચેતનાનું જ છે. ચેતના એ જ જીવન્ત સત્ય તત્ત્વ છે. સ્વપ્નમાં નિરખેલી વસ્તુઓના સંબંધમાં મમત્વભાવ સેવી દુઃખી થવું તેના કરતાં વસ્તુના સ્વરૂપમાં શ્રદ્ધા રાખવી એ ઇષ્ટ છે.

" तत्त्वमसि " અર્થાત્ " તે ( પરમાત્મા ) તું જ છે " એ વેદાન્તનો મોક્ષમંત્ર છે. આથી સચ્ચિદાનંદ સ્વરૂપ અંતરાત્મા એ જ આરાધનાને પાત્ર છે. એની જ ભક્તિ ઘટે છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માની ભક્તિ અને આરાધનાથી સત્ય સુખ, શાન્તિ અને અમરત્વની પ્રાપ્તિ થાય છે. આત્માની ભક્તિ વિના અજ્ઞાન અને દુઃખમય દશા જ રહે છે. સત્ય સુખના વાંચ્છુકોએ આથી આત્માનો સાક્ષાત્કાર કરી લેવો જોઈએ. આત્માનો સાક્ષાત્કાર એ જીવનનું સર્વોચ્ચ આધ્યાત્મિક ધ્યેય છે.

ભૌતિક વિશ્વ ચિત્તને પરાધીન હોવાથી તે નાના પ્રકારના અસંખ્ય ભાવોથી પરિપૂર્ણ એક મહાન્ ભાવરૂપ છે. વસ્તુઓ એ ભાવરૂપ છે અને ભાવનું સત્ત્વ અન્વીક્ષણમાં રહેલું છે એમ **બર્કલી** કહે છે. વેદાન્તીઓ અસ્તિત્વનું રહસ્ય આ પ્રમાણે જ સમજે છે. વેદાન્તીઓને સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા વિના બધું યે ભ્રમરૂપ લાગે છે. આત્મા તેમને બ્રહ્મરૂપ લાગે છે. વેદાન્તીઓનું બ્રહ્મ વિષયક મંતવ્ય શબ્દાતીત છે. વાણીથી વ્યાખ્યેય સર્વ વસ્તુઓના અસ્વીકારથી જ બ્રહ્મની વ્યાખ્યા થઇ શકે એમ વેદાન્તીઓ માને છે. આથી બ્રહ્મની વ્યાખ્યામાં ' नेति नेति '( તે નહિ, તે પણ નહિ ) એ શબ્દો ખાસ આવશ્યક થઇ પડે એ સમજી શકાય તેવું છે. વેદાન્તીઓ બ્રહ્મની વ્યાખ્યા કરતાં ' नेति नेति ' એ શબ્દોનો વારંવાર ઉપયોગ અવશ્ય કરે છે.

આત્માનું અસ્તિત્વ દરેક ક્ષેત્રોમાં પ્રવર્ત્તે છે. આત્માના અસ્તિત્વનો અસ્વીકાર કે અવગણના ન જ થઇ શકે. ચેતનાનો અસ્વીકાર કેમ થઈ શકે ? આત્મા મૂર્તિમંત દ્રષ્ટા છે. આત્મા મૃત્યુથી પર છે. આત્મારૂપી દ્રષ્ટા સંબંધી જેને કંઈ જ્ઞાન જ નથી તે વસ્તુતઃ કંઇ નથી જાણતો એમ કહી શકાય. જીવનમાં આત્માને જ ખરો જાણવાનો છે. આથી આત્માનું સત્ય જ્ઞાન પ્રાપ્ત કરનારને દુન્યવી સર્વ જ્ઞાન નિરર્થક અને ભારરૂપ લાગે છે. આત્મજ્ઞાન એ જ ખરૂં જ્ઞાન છે. શાશ્વત્ આત્માનું સત્ય જ્ઞાન પ્રાપ્ત કરનારને બીજાં જ્ઞાનની શી જરૂર રહે ? આત્મા એ જ ખરૂં જીવન છે. આત્મા સર્વવિધ આધ્યાત્મિક ઉન્નતિનાં કારણરૂપ છે. આત્માનું જ્ઞાન એ જ સર્વોચ્ચ જ્ઞાન છે. એ જ્ઞાનમાં જ પરમસુખ છે. એ જ્ઞાન જ મુક્તિદાયી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈશાલી

## લિચ્છવિઓની રાજધાની.

( ગતાંક પૃષ્ઠ ૧૨૪ થી શરૂ ).

### બુદ્ધદેવનું પ્રથમ આગમન.

બુદ્ધદેવે પહેલવહેલાં વૈશાલીમાં પગલાં કર્યાં તે વખતની પરિસ્થિતિ “ મહાવસ્તુ ” માં મળી આવે છે. એ વખતે ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો હતો. લોકો પોતાના પ્રાણ બચાવવા અહીંતહીં નાસભાગ કરી રહ્યા હતા. મૃત્યુના પંજામાંથી ઉગરવા કેટલાકો, બીજો કોઈ ઉપાય ન સૂઝવાથી, આસ-પાસના તાપસોના આશ્રયે જઇ રહ્યા હતા. કોઈ રીતે નગરમાં શાંતિ થાય તે સારૂ સૌ તનતોડ પ્રયત્ન કરતા હતા.

એ વખતે લિચ્છવિરાજ તોમરની આગેવાની નીચે કેટલાક નાગરિકો મગધની રાજધાની–રાજગૃહમાં બુદ્ધદેવ પાસે પહોંચ્યા. તેમણે બુદ્ધદેવની સહાય માગી.

જૈન ગ્રંથોમાં પ્રસિદ્ધ રાજવી બિંબિસાર–શ્રેણિક, એ વેળા મગધના સિંહાસનને શોભાવતો. બુદ્ધદેવે બિંબિસારની અનુમતિ મેળવવા લિચ્છવિરાજ તોમરને આજ્ઞા કરી.

તોમરે મગધરાજ પાસે જઇ વિનતિ કરી. બિંબિસારે ઘણી ખુશીથી પોતાની સમ્મતિ આપી. વિશેષમાં એણે તોમરને ઉદ્દેશીને કહ્યું કે: “ તથાગતનું તમારી સીમામાં સારૂં સ્વાગત થવું જોઇએ.” તોમરે એ આદેશ માથે ચડાવ્યો.

શ્રેણિક પોતે બુદ્ધદેવને વળાવવા પોતાના રાજ્યની છેલ્લી સીમા સુધી સાથે ગયો. લિચ્છવીઓને આ યમતદૂત જેવા રોગચાળામાંથી ઉગારી લેવા બિંબિસારે બુદ્ધદેવને ફરી એક વાર આગ્રહ કર્યો.

---

વિશુદ્ધ ચૈતન્ય એ જ વિશ્વમાં અપરિવર્ત્તનશીલ અને સદૈવ જીવન્ત છે, એવો અદ્વૈતમતવાદીઓનો મત ઉપરોક્ત વિચારોથી સિદ્ધ થાય છે. ચેત-નામાં ગુણ કે સત્ત્વની દ્રષ્ટિએ કોઈ કાળે પરિવર્ત્તન નથી થતું. જાગૃત કે સુષુપ્ત અવસ્થામાં ચેતના તેને તે જ રહે છે. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે માર્ગે બુદ્ધદેવ વિહરવાના હતા તે માર્ગ એટલે કે રાજગૃહથી ગંગા નદી સુધીનો પોતાનો રાજ્યપ્રદેશ ખૂબ સાફ કરાવ્યો-હથેલી જેવો સમતળ કરાવ્યો, સુગંધી દ્રવ્યો છંટકાવ્યા, ધજા-પતાકાઓ બંધાવી અને નકશીથી ભરેલા ભારે મૂલ્યવાળાં વસ્ત્ર બીછાવ્યાં. ઠેકઠેકાણે ફૂલ પથરાવ્યા અને અગુરૂના ધૂપથી દિશાઓ ભરી દીધી. શ્રેણિકની સાથે એના કેટલાક દરબારીઓ પણ બુદ્ધદેવને વિદાય આપવા ગયા.

સામેથી લિચ્છવિ-નાગરિકોએ પણ એવું જ ભવ્ય સ્વાગત કર્યું. વૈશાલીવાસીઓ ભાતભાતનાં લાલ, નીલ, હરિત, હરિદ્રા, પિંગળ અને રક્ત વર્ણના ઉજ્જવળ વસ્ત્રો પહેરી તૈયાર રહ્યા. બુદ્ધદેવ આ લિચ્છવીઓના સુંદર, મનોહર, ઉજ્વળ પોષાક વિગેરે જોઈ ખૂબ ખુશી થયા. પોતાની સાથેના ભિક્ષુઓને એમણે કહ્યું:

" ભિક્ષુઓ, ત્રયસ્ત્રિંશ સ્વર્ગના દેવતાઓને તમે સુદર્શના નગરમાંથી ઉપવન ભણી જતા નથી જોયા. સંપદ અને ઐશ્વર્યમાં એ દેવતાઓની સાથે સ્પર્ધા કરે એવા આ લિચ્છવિઓને એક વાર જોઇ લો. એમનાં હાથી, સુવર્ણછત્ર, સુવર્ણદોલા, સ્વર્ણરથ જુઓ. સુવર્ણાલંકારથી શોભતા, લાખના રંગથી રંગેલા રાતા વસ્ત્રોવાળા આ લિચ્છવિ જુવાનો, વૃદ્ધો અને પ્રૌઢો કેવી મનોહર છટાથી ચાલી રહ્યા છે તે જુઓ. "

ગંગાના કિનારાથી માંડી વૈશાલી-નગરી સુધીનો માર્ગ, રાજા શ્રેણિક કરતાં પણ સરસ રીતે એમણે શણગારી રાખ્યો હતો. બુદ્ધદેવ અને એમના ભિક્ષુઓના ઉતારા માટે તેમજ એમનાં સુખ-સગવડ અર્થે લિચ્છવિઓએ પૂરેપૂરી કાળજી રાખી હતી.

બન્યું એવું કે બુદ્ધદેવની પધરામણી થતાં રોગચાળાનો ઉપદ્રવ શમી ગયો. જેઓ બીમાર હતા તેઓ પણ સાજા થઇ ગયા.

આદર-સન્માન સાથે લિચ્છવિઓ બુદ્ધદેવને નગરમાં લઇ ગયા. માર્ગમાં બુદ્ધદેવ અને ભિક્ષુઓના આરામ માટે પણ એમણે ગોઠવણ કરી રાખી હતી. નગર-પ્રવેશ પછી બુદ્ધદેવે માંગળિક-સ્વસ્ત્યન ગાથા સંભળાવી.

એમણે વૈશાલીની અંદર કે બ્હાર રહેવાની ના પાડી. ગોશૃંગીના નિમંત્રણને માન આપી, નગરથી દૂર ઉત્તર દિશામાં ઘણે દૂર સુધી પ્રસરેલા અરણ્ય " મહાવન "માં આશ્રય લીધો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કુટાગારશાળા.

લિચ્છવિઓએ ગૌતમ બુધ્ધ અને એમના સંઘના ભિક્ષુઓની સગવડ માટે, મહાવનમાં એક કુટાગારશાળા બંધાવી હતી. બુદ્ધદેવે એ સ્થાનમાં વસવા ભિક્ષુઓને ભલામણ પણ કરી હતી. એક વાર લિચ્છવિઓએ મહાવનમાં જઈ તપાસ કરી તો તે દિવસે બુધ્ધદેવ ચાપાલ–ચૈત્યમાં જ આખો દિવસ રહ્યા હતા એમ સાંભળ્યું. લિચ્છવિઓ ત્યાં ગયા અને બુધ્ધદેવ તેમ જ બૌધ્ધ સંઘના ભિક્ષુઓ માટે કુટાગારશાળા અર્પણ કરી.

એ ઉપરાંત જે જે ચૈત્યમાં બુદ્ધદેવ રહ્યા હતા તે બધાં ચૈત્યો–સપ્તામ્ર ચૈત્ય, બહુપુત્ર ચૈત્ય, ગૌતમ ચૈત્ય, કપિનહ્ય ચૈત્ય, મર્કટહ્રદ–તીર ચૈત્ય લિચ્છવિઓએ બુધ્ધદેવને સમર્પ્યાં. એ પછી ગણિકા આમ્રપાલીએ પણ પોતાનો મ્હોટો આમ્રકુંજ બૌધ્ધ સંઘને નામે ચડાવી દીધો. બાલિકાઓએ પણ બાલિકા–છબિ અથવા બાલિકા–રામ બૌધ્ધ સંઘને સુપ્રત કર્યાં.

રાજગૃહની જેમ વૈશાલીમાં બૌધ્ધ ધર્મનો ખૂબ પ્રચાર કરવાની બુધ્ધદેવની ઇચ્છા હતી, તેથી તેઓ વખતોવખત વૈશાલીમાં આવી લોકોને ધર્મનો ઉપદેશ આપતા. બુધ્ધઘોષે "રત્તન સૂત્ત"માં જે ટીકા ઉમેરી છે તેમાં પણ લગભગ એવી જ જાતનું વર્ણન છે. એ કહે છે તેમ વૈશાલીમાં એકલો રોગચાળો જ ન હતો. લોકો દુર્ભિક્ષ અને ભૂતના ભયથી વ્યાકુળ બન્યા હતા.

## બૌદ્ધ સાધુઓની શિથિલતા.

બુધ્ધદેવની પોતાની હૈયાતીમાં જ સંઘના સાધુઓમાં વખતોવખત શિથિલતા આવતી હોય એમ 'મહાવગ્ગ'ના વિવેચન પરથી જણાય છે. દાખલા તરિકે એક વાર બુધ્ધદેવ રાજગૃહથી વૈશાલી આવતા હતા. ગોતમક–ચૈત્યમાં રાત્રે ઉતર્યા. એ વખતે સાધુઓએ, જોઇએ તે કરતાં પણ વધારે અને સુશોભિત કપડાં સંઘરેલાં એમણે જોયા.

એક તો શિયાળાનો સમય હતો અને રાત્રે હિમ પણ પડતું હતું. ઓછામાં ઓછા કેટલાં કપડાંથી ચલાવી શકાય એ બુધ્ધદેવે પોતે આચરી બતાવ્યું અને એ પછી એ પ્રકારનો ભિક્ષુઓને ઉપદેશ આપ્યો.

કુટાગાર–શાલામાં એક વાર પીવાનું પાણી બગડી ગયું. ભિક્ષુઓ તો એ પાણી જ વાપરતા. બુધ્ધદેવે સૌને બોલાવીને, પાણી ગળ્યા વિના–શુધ્ધ કર્યા વિના ન વાપરવું એવી મતલબનો ઉપદેશ આપ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક સાધુઓ, ગૃહસ્થને ત્યાંથી ખૂબ સારાં સારાં મિષ્ટાન્ન લઇ આવતાં અને પછી માંદા પડતા. બુધ્ધદેવે એ સમયના નામાંકિત વૈદ્ય જીવક કૌમારભચ્ચને બોલાવી સાધુઓની ચિકિત્સા કરાવી.

રહેવાનાં મકાનો કેવી પદ્ધતિએ તૈયાર કરવાં જોઇએ તે પણ તેમણે વૈશાલીના એક વ્યાખ્યાનમાં જ કહ્યું હતું.

વૈશાલીમાં એક વાર બે ભિક્ષુઓ લડી પડયા. બદ્ધ નામના ભિક્ષુએ, બીજા ભિક્ષુના વિષયમાં કેટલીક ખોટી અફવાઓ ફેલાવી. ગૌતમ બુદ્ધે એ વાત જાણી ત્યારે તેમણે બદ્ધનું ભિક્ષાપાત્ર ખુંચવી લેવાની સંઘને આજ્ઞા કરી. પછી બદ્ધને ઘણો પસ્તાવો થયો. તેણે બીજા ભિક્ષુની માફી માગી. એ પ્રકરણ એટલેથી જ પતી ગયું.

જૈન સંઘમાં જેવી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાની–ચતુર્વિધ સંઘની વ્યવસ્થા હતી તેવી બૌદ્ધ સંઘમાં ન હતી. ભિક્ષુણીને માટે સંઘમાં મુદ્દલ સ્થાન ન હતું. બુદ્ધદેવ વૈશાલીમાં–મહાવનની કુટાગારશાળામાં હતા એ વખતે મહાપ્રજાપતિ–ગૌતમી ( બુદ્ધદેવની ધાત્રી ) કેટલીક સ્ત્રીઓ સાથે કપિલવસ્તુથી ત્યાં આવી અને પોતાને ભિક્ષુણી બનવાનો અધિકાર આપવા આજીજી કરી. પહેલાં તો એમણે ભિક્ષુણિ–સંઘ સ્થાપવાની ના પાડી; પણ આનંદના સમજાવવાથી સમ્મતિ આપી.

પાલી તેમજ સંસ્કૃત સાહિત્યમાં વૈશાલીનું જે વર્ણન મળી આવે છે તે પરથી વૈશાલી ભારે સમૃદ્ધિવાળી નગરી હોય એમ લાગે છે. પાલી ગ્રંથ-મહાવગ્ગ કહે છે તેમ વૈશાલી ધનધાન્યથી ઉભરાતી હતી, પુષ્કળ માણસો અહીં વસતા અને ખાનપાનની સામગ્રી પ્રચુર પ્રમાણમાં રહેતી. મ્હોટી અટ્ટાલિકાઓ, શિખરબંધ મંદિરો, ઉદ્યાનો અને કમળ–સરોવરો પણ હતા.

લલિતવિસ્તરામાં વૈશાલીનો વૈભવ બતાવનારો એક પ્રસંગ છે. તુષિત સ્વર્ગના દેવો એકઠા થયા છે. બોધિસત્ત્વે કયા વંશમાં જન્મ લેવો તેની ચર્ચા ચાલે છે. તુષિત દેવલોકના દેવો કહે છે કે “ વૈશાલીમાં જ બોધિસત્ત્વે જન્મ લેવો જોઇએ. વૈશાલીમાં ધન–ધાન્ય અને સમૃદ્ધિની છોળો ઉડે છે. સુખ, ઐશ્વર્ય રેલાઇ રહ્યાં છે. એ સુંદર અને આંખને આરામ આપે એવા શહેરમાં વિવિધ જાતિનાં માણસો વસે છે. ઘરો પણ કેટલાં મનોહર છે ? બબ્બે–ત્રણ ત્રણ માળની હવેલીઓ છે. ગૃહનાં શિખરો આકાશ સાથે વાત કરે છે. કીલ્લા અને રાજમહેલ પણ છે. અસંખ્ય ઉદ્યાનો કુસુમોની વાસથી બ્હેકી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવલોક કરતાં આ નગરી કોઇ પ્રકારે ઉતરતી નથી. બોધિસત્ત્વને જન્મ લેવા સારૂ એ જ યોગ્ય સ્થાન છે. ”

જો કે દેવોએ એ સ્થાન પસંદ ન કર્યું, છતાં લિચ્છવિઓની રાજધાની-વૈશાલી ઐશ્વર્યવાળી, સમૃદ્ધિશાળી હતી એ સંબંધે જરા ય શંકાને સ્થાન નથી. એ સિવાય વૈશાલી હંમેશા ગાન-તાનથી ગુંજી રહેતી એવો ઉલ્લેખ પણ મળે છે.

## ફાહિયાનના સમયે મહાવન.

બુદ્ધદેવની પછી લગભગ એક હજાર વર્ષે ચીની મુસાફર ફાહિયાન અહીં આવ્યો હતો. તે લખે છે કે “ આ વિશાલ નગરીની ઉત્તર દિશામાં વિસ્તારવાળું અરણ્ય પડયું છે, અહીં આનંદના દેહાવશેષ ઉપર એક સ્તુપ છે. બુદ્ધદેવ અહીં બે ઓશરીવાળા :વિહારમાં રહેતા. ” આ વિહાર, મહાવનવાળી કુટાગારશાળા જ હોવી જોઇએ.

## બુદ્ધઘોષ : મહાવન.

બુદ્ધઘોષ, સુમંગળ-વિલાસિનીમાં મહાવનનો અર્થ શહેરની ભાગોળથી માંડી હિમાલય સુધીનો પ્રદેશ કરે છે. કુટાગારશાલાનો અર્થ દેવવિમાન જેવી આકૃતિ કરે છે. સ્તંભની ઉપર મહેલ હતો અને મહેલની ઉપર શિખર હતું, તેથી જાણે કે દેવવિમાન જ હોય એવો ભાસ થતો. ફાહિયાનના વર્ણન સાથે સરખાવતાં એક સ્તંભ ઉપર નહીં પણ અનેક સ્તંભ ઉપર સંઘારામ નિર્માયો હશે અને મીનારા પણ હશે. ફાહિયાન જેને આંગણા કહે છે તે વસ્તુત: એક ઉપર બીજી ગેલેરી જેવા દેખાતા હશે.

ફાહિયાન પછી બસે વર્ષે હ્યુયાનસીંગ આ વિહારના ભગ્નાવશેષ જોઇ ગયો હતો. તે પણ એને મળતું જ વર્ણન આપે છે.

## આનંદના દેહાવશેષ.

ટીબેટના ગ્રંથોમાં અને ફાહિયાનના લખાણમાં આનંદના દેહાવશેષ વિષે લગભગ એક સરખી ઘટના મળે છે. એમ કહેવાય છે કે પોતાના દેહનો હવે કંઇ ભરૂંસો નથી એમ માની આનંદ, મગધમાંથી વૈશાલી તરફ જવા રવાના થયો. દેવતાઓએ અજાતશત્રુને એ સમાચાર પહોંચાડયા. અજાતશત્રુ મગધનો સમ્રાટ હતો. તેણે સૈન્ય તૈયાર કરાવ્યું અને પોતે પણ રથમાં બેસી, આનંદની પાછળ ગયો. બીજી તરફ વૈશાલીમાં આનંદ આવે છે એમ જાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લિચ્છવીઓ તેનું સ્વાગત કરવા તૈયાર થયા. મગધ અને વૈશાલી વચ્ચે ગંગા નદી વહેતી હતી. નદીના એક કિનારે અજાતશત્રુનું સૈન્ય અને બીજી કોર લિચ્છવીઓનો સમુદાય હાજર થઈ ગયો.

આનંદને મુંઝવણ થઇ. પોતે જો મગધની હદ છોડી વૈશાલીમાં જાય તો અજાતશત્રુ યુદ્ધ જાહેર કર્યા વિના ન રહે અને જો ત્યાંથી પાછો ફરે તો લિચ્છવીઓ નારાજ થાય. આનંદે નદીના કિનારે જ સ્થિરતા કરી, ત્યાં જ એણે પોતાનો દેહ છોડયો. લિચ્છવીઓ અને અજાતશત્રુ વચ્ચે સમાધાન થયું. બન્નેએ આનંદના દેહાવશેષનો અડધો ભાગ લેવો એવી શરત સ્વીકારી. વૈશાલીમાં અને મગધમાં પણ આનંદના દેહાવશેષ ઉપર સ્તૂપો નિર્માયા.

## વૈશાલીનો વિશેષ વૃત્તાંત.

હ્યુનત્સાંગે વૈશાલીનું વિશેષ વર્ણન આપ્યું છે. "રાજ્ય ૫૦૦૦ લી. જેટલા વિસ્તારમાં છે. દેશની ભૂમિ ખૂબ રસાળ છે. આંબા, કેળાં અને બીજાં ફળો ભરચક નીપજે છે. લોકો પણ સૌજન્યવાળા અને પરોપકારી છે. એમને કોઇ ધર્મ વિષે દુરાગ્રહ નથી."

ટીબેટી-ગ્રંથ-ખાસ કરીને દુલ્લભ ગ્રંથમાં વૈશાલીને પૃથ્વી ઉપરના સ્વર્ગની ઉપમા આપવામાં આવી છે. મ્હોટી મ્હેલાતો, સુંદર બગીચાઓ, આરામકુંજો અને વિવિધ પક્ષીઓના કર્ણપ્રિય કલરવને લીધે વૈશાલી બીજી અમરાવતી જેવું લાગતું. લિચ્છવિઓના આનંદ-ઉત્સવો બારે માસ ચાલતા. એ ઉત્સવ-આનંદને લીધે ખરેખર પ્રમોદના પ્રવાહ વહેતા.

## વૈશાલીનું સ્થાન.

લિચ્છવિની રાજધાની વૈશાલી કયા સ્થાને હશે એ વિષે ઐતિહાસિકોનાં થોડો મતભેદ છે. જનરલ કનિંગહામ, તિરહૂતના મુઝફ્ફરપુર-જીલ્લામાં બસાઢ ગામને પુરાતન વૈશાલી તરિકે ઓળખાવે છે. સેંટ માર્ટીન એ વાતને ટેકો આપે છે. દુઃખની વાત એ છે કે કનિંગહામ જેવા જોઇએ તેવા પૂરાવા રજુ કરી શકયા નથી. એટલે કનીંગહામનું કથન કેટલાકો માની શકતા નથી.

રાઇસ-ડેવીડનો મત એવો છે કે તિરહૂતમાં જ કોઇ એક સ્થાને પુરાણું વૈશાલી હોવું જોઇએ; પણ તે કંઇ નક્કી સ્થાન બતાવી શકતા નથી.

ડૉ. ડબલ્યુ હોઇ સાહેબ સામાન્ય પુરાવાના આધારે સારાણુ અથવા છાપરા જીલ્લાના એરાન્ડ નામના સ્થાનને વૈશાલી માને છે. એરાન્ડ ગંગાના ઉત્તર તીરે છે-છાપરાથી પ્રાયઃ સાત માઇલ દક્ષિણપૂર્વમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈશાલી સંબંધી એક ખાસ નિબંધમાં ડૉ. સ્મીથ, ઉપરની છેલ્લી વાતનો ઇનકાર કરે છે. તેઓ કનિંગહામના અનુમાનને વળગી રહે છે. બસાઢ જ વૈશાલી હોવું જોઈએ એમ કહે છે.

ઈ. સ. ૧૯૦૩-૦૪ માં જે ખોદાણકામ થયું હતું તેના આધારે ડૉ. બ્લોક સાહેબ બસાઢને જ વૈશાલી હોવાનું જણાવે છે. ખોદાણકામમાંથી ડૉ. બ્લોકને રાજા વિશાલકા ગઢ અને બીજી થોડી સામગ્રી મળી આવી હતી. માટીના ત્રણ જુદા જુદા પ્રકારના થર પણ એક એક ઐતિહાસિક સત્ય સંભળાવે છે. સૌથી ઉપરનો થર મુસલમાન યુગની વાત કહે છે. એનાથી પાંચ ફૂટ નીચેનો થર ગુપ્ત સમયની કથા ઉચ્ચારે છે અને ત્રીજો થર કયા પ્રાચીન યુગનો હશે તે હજી નથી સમજાયું.

સર જોન માર્શલની યુક્તિઓ એ વિષય ઉપર નવો પ્રકાશ નાખે છે. એ કહે છે કે બીજા થરમાંથી, એક ઓરડામાંથી સાત સો જેટલા માટીના સીક્કા મળી આવ્યા છે. ઘણું કરીને કરાર કે દસ્તાવેજ ઉપર મ્હોર આંકવામાં એ વપરાતા હશે. થોડા સીક્કા એવા છે કે જે અમલદારોના ઉપયોગમાં આવતા હશે અને થોડા એવા છે જે વેપારીઓ વાપરતા હશે. એક મુદ્રામાં શિવલિંગ અને ત્રિશૂળનું ચિન્હ છે, અને "આમ્રાટકેશ્વર" શબ્દો લખેલા છે. એકાદ દેવમંદિરની એ મીલ્કત હોય એવો વધુ સંભવ છે.

ગુપ્ત રાજા, રાણી અને રાજકુમારોના નામ ઉપરથી તેમ જ અક્ષરની કોતરણી ઉપરથી ઇ. સ. ના ચોથા-પાંચમા સૈકાના ગુપ્ત-સમ્રાટના શાસન-સમયના હોય એમ લાગે છે.

બીજા કેટલાક સીક્કા ઉપરથી આ ભાગ "તીરભુક્તિ" ના નામથી ઓળખાતો હશે. બીજા કેટલાકમાં વૈશાલી નગરીનું નામ પણ છે. એક ગોળાકાર માટીના સીક્કામાં ન્હાની શી પુલછાબ છે અને એની વચ્ચોવચ એક સ્ત્રી પોતાની બે સખીઓ સાથે ઉભી છે. નીચે સમાનાંતર રેખાઓમાં આવા શબ્દો છે

(૧) [વૈ] શ્યાલ્યાય-અરપ્રકૃતિ-[કુ] (૨) તુમ્બિના [મ] બીજી એક મુદ્રામાં પણ આવા જ અક્ષરો છે.

આ બધા ઉપરથી એ જ પુરાતન વૈશાલીનું સ્થાન હશે એવો નિર્ણય બંધાય છે. ખોદકામ હજી ઘણું અધુરૂં છે.

બસાઢ સ્તૂપની નીચે-પૃથ્વીના પેટાળમાં, ભારતીય ઇતિહાસની કોણ જાણે કેટલી યે અમૂલ્ય સામગ્રી દટાયેલી પડી હશે? (ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિવિધ વિચારશ્રેણી

**માનવ જીવનનું સાફલ્ય—**

૧ અનંત જ્ઞાનીઓએ દર્શાવેલા માર્ગમાં વીર્યનું સ્ફુરાવવું.
૨ તેમ ન બની શકે તો અહોરાત્ર તે માર્ગમાં રહેવાની અભિલાષા.
૩ પરમ ઉપકારી એવા શ્રી જિનેશ્વરદેવોના વચનો પર પૂર્ણ શ્રદ્ધા.
૪ જિનવાણી પ્રત્યે બહુમાન.
૫ તે માર્ગમાં–જિનેશ્વરના માર્ગમાં અન્યને જોડવારૂપ પ્રયત્ન.
૬ દાનાદિક ચાર ધર્મોનું યથાશક્તિ પાલન.
૭ મૈત્રી આદિ ચાર અને અનિત્યાદિ બાર ભાવનાની નિત્ય યાદ.
૮ માનવ બંધુઓ–ભગિનીઓ વિગેરેની યથાશકય સેવા.
૯ પ્રમાણિકપણું, નીતિના સર્વ સામાન્ય નિયમોનું પ્રતિપાલન.
૧૦ ગૃહસ્થ તરીકેની ફરજોનું પાલન.
૧૧ લક્ષ્મીની સાર્થકતારૂપ સુપાત્રદાન અનુકંપાદાન.

**મહામંત્ર નવકાર—**

૧ દધીને મથન કરવાથી જેમ તેમાંથી ઘૃતરૂપ તત્ત્વ પ્રાપ્ત થાય છે તેમ ચૌદ પૂર્વના દોહન–સારરૂપ એક માત્ર શ્રી નવકાર મંત્ર છે.

૨ નવ લાખ અથવા તેથી વધારે ગણવાથી નરક આદિ અશુભ ગતિઓથી બચાવનાર એક માત્ર નમસ્કાર મહામંત્ર છે.

૩ મૃત્યુ વખતે જેના સ્મરણથી શુભ ગતિગમનની ખાત્રી મળે છે તે શ્રી નવકાર મંત્ર છે.

૪ અનંત ભવોના એકઠા થયેલા પાપકર્મો જેના સ્મરણ માત્રથી દહન થઈ જાય છે તે શ્રી નવકારમંત્ર છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ જેના સ્મરણથી ભૂત–પ્રેતાદિક હલકા પ્રકારના વ્યંતરોની શક્તિ કુંઠિત થઇ જાય છે–મનુષ્ય પર તેની અસર નથી જતી, તે શ્રી નમસ્કારના જ પ્રભાવથી.

૬ એવા મહામંગલકારી સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ શ્રી નમસ્કાર મહામંત્રનું સૌ કોઇ એકાગ્ર ચિત્તે ધ્યાન કરો.

**મહાગુણ : સેવા**—

૧ સેવા એ મહાન અપ્રતિપાતિ ગુણ છે.

૨ તેથી દુગંછા જાય છે.

૩ નમ્રતા કેળવાય છે ( સેવાથી ).

૪ બીમારના હૃદયના ઉંડાણમાંથી નીકળેલા આશીર્વાદો મળે છે

૫ બહુશ્રુતો, નિર્ગ્રંથ મુનિજનો આદિ તેમ જ શ્રી જિન વિગેરેની સેવાથી સેવક પોતે સેવ્ય બને છે અર્થાત્ તે પદ પ્રાપ્ત થાય છે.

૬ સેવામાં ભેદ ન હોવો જોઇએ. પોતાનો અને પારકાનો, નાના–મોટાનો, પૂજ્ય–અપૂજ્યનો, સ્ત્રી–પુરૂષનો, સ્વજાતિ–પરજાતિનો, સ્પૃશ્ય–અસ્પૃશ્યનો મનુષ્ય–તિર્યંચનો વિના ભેદે, વિના સંકોચે જ્યાં જરૂર હોય ત્યાં ખરો સેવાભાવી પહોંચી જાય છે.

૭ સેવાભાવ વધુ ને વધુ વિકાસ પામો એમ ઇચ્છીએ.

**જીભમાં શું રહેલું છે ?**——

૧ જીભમાં અમૃત રહેલ છે.

૨ જીભમાં ઝેર પણ રહેલ છે.

૩ જીભથી મિત્રતા બંધાય છે.

૪ જીભથી દુશ્મનાવટ પણ થાય છે.

૫ જીભમાં મિષ્ટભાષીપણું છે. સારા, મૃદુ–કોમળ અને વિનયવાળા વચનો બોલાય છે.

૬ જીભમાં કટુભાષીપણું છે. કડવા, નિર્દય, મર્મઘાતક, અવિનયી એવા વચનો પણ બોલી શકાય છે.

૭ જીભથી વિજય પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ-કલ્યાણના સાધન.

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ.-શાહ બી એ.

ત્રણ વાતોથી હમેશાં બચો-પોતાની પ્રશંસા, બીજાની નિંદા અને પરદોષદર્શન.

ત્રણ વાતો ધ્યાન રાખીને કરો-ઈશ્વરનું સ્મરણ, બીજાનું સન્માન અને પોતાના દોષ જોવા તે.

ત્રણ વાતનો હંમેશાં વિચાર કરો-ભગવાનનો પ્રેમ કેવી રીતે પ્રાપ્ત થાય? દુઃખીનાં દુઃખ કેવી રીતે દૂર થાય? હૃદય પાપશૂન્ય કેવી રીતે થાય?

ત્રણ વાતોતો હંમેશાં અમલ કરો-સત્યનો અહિંસા અને ભગવાનનો નામજપ.

ત્રણ વાતોથી સદા અલગ રહો-પરચર્ચા, વાદવિવાદ તથા નેતાપણું.

ત્રણ પર સદા દયા કરો-અબલા ઉપર, પાગલ પર અને માર્ગ-ભૂલેલા પર.

ત્રણ પર દયા ન કરો-પોતાના પાપ ઉપર, આળસ ઉપર અને ઉચ્છૃંખલતા ઉપર.

---

૮ જીભથી પરાજય પણ મળી શકે છે.

૯ જીભવી યશ-કીર્તિ મળી શકે છે.

૧૦ જીભથી અપયશ-અપકીર્તિની પ્રાપ્તિ પણ થાય છે.

૧૧ જીભથી મનુષ્યને સર્વત્ર માન મળે છે.

૧૨ જીભથી મનુષ્ય અપમાન પામે છે.

૧૩ જીભથી સ્તુતિ થાય છે.

૧૪ જીભથી નિંદા પણ થઈ શકે છે.

૧૫ જીભથી મોટા સંગ્રામો થાય છે.

૧૬ જીભથી સુલેહશાંતિ પણ થાય છે.

૧૭ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં “ જીભ ” અગત્યનો ભાગ ભજવે છે. જો તેને કાબૂમાં રાખવામાં આવે તો તેનો સદુપયોગ થાય છે અને જો તેને છૂટી મૂકવામાં આવે તો અનેક દુર્ગુણોની પરંપરા-દુઃખોની પરંપરા પણ તેનાથી સાંપડે છે. અસ્તુ!

રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણને સદા વશ રાખો-મન, ઉપસ્થ ઇન્દ્રિય અને જીભ.

ત્રણને વશ હંમેશા રહો-ભગવાનને, ધર્મને અને શુદ્ધ કુલાચારને.

ત્રણથી સદા મુક્ત રહો-અહંકારથી, મમતાથી તથા આસક્તિથી.

ત્રણ પર મમતા કરો-ઈશ્વર પર, સદાચાર પર અને ગરીબો પર.

ત્રણથી સદા ડરતા રહો-અભિમાનથી દંભથી અને લોભથી.

ત્રણની સમક્ષ સદા નમ્ર રહો-ગુરૂ, માતા તથા પિતા.

ત્રણ સાથે સદા પ્રેમ કરો-ઈશ્વર, ધર્મ અને દેશ.

ત્રણને હંમેશ હૃદયમાં રાખો-દયા, ક્ષમા તથા વિનય.

ત્રણનું સદા સેવન કરો-સન્ત, સત્શાસ્ત્ર અને પવિત્ર ભૂમિ.

ત્રણને હૃદયથી દૂર કરો-રાગ, દ્વેષ તથા મત્સર.

ત્રણ વ્રતોનું સદા પાલન કરો-પરસ્ત્રીસેવનનો ત્યાગ, પરધનનો ત્યાગ અને અસહાયની સેવા.

ત્રણ વતોમાં શંકા ન કરો-શાસ્ત્રવચન, ગુરૂવચન તથા શુદ્ધ મનની પ્રેરણા.

ત્રણનું ભરણપોષણ કરો-માતાપિતા, સ્ત્રી-બાળકો તથા દીન-દુઃખી.

ત્રણ પ્રકારના લોકોથી દૂર રહો-નાસ્તિકથી. માતાપિતા અને ગુરૂનો દ્રોહ કરનારથી તથા સંતપુરૂષોની નિંદા કરનારથી.

ત્રણની દશા પર વિશેષ ધ્યાન રાખો-વિધવા સ્ત્રી અનાથ બાળક અને પરાશ્રિત પ્રાણી.

ત્રણની આવશ્યકતા પર વિશેષ ધ્યાન આપો-મુંગા પ્રાણી, સંસારત્યાગી અને કંઈપણ ન માગનાર અતિથિ.

ત્રણની પરવા ન કરો-ધર્મપાલન ખાતર કષ્ટની, બીજાના દુઃખ દૂર કરવા ખાતર ધનની અને રોગીની સેવા કરવામાં પોતાના શરીરની.

ત્રણ જણને ન રોકો-જલ્દી ચાલનારી ગાડીમાં ચડવાની ઈચ્છાવાળા મુસાફરને, બીજાની સેવા કરનારને તથા દાતાને.

ત્રણ કાર્યમા ખૂબ ઉતાવળ કરો-ભજનમાં, દાનમાં અને શાસ્ત્રના અભ્યાસમાં.

ત્રણ કાર્યોમાં ઢીલ કરો-મુકદ્દમાબાજીમાં, વિવાદમાં અને કોઇના દોષનિર્ણયમાં.

ત્રણ આવેશો વખતે કોઈ પણ ક્રિયા કરતાં અટકી જાઓ-ક્રોધ વખતે, કામવાસના વખતે અને લોભ વખતે.

ત્રણનું સન્માન કરો-વૃદ્ધનું, પવિત્ર બ્રાહ્મણનું અને નિર્ધનનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ કાર્ય ખૂબ મન લગાડીને કરો—ભજન, ભગવાનનું ધ્યાન અને સત્સંગ.

ત્રણ આંસુ પવિત્ર માનો—પ્રેમનાં, કરૂણાનાં અને સહાનુભૂતિનાં.

ત્રણ આંસુ અપવિત્ર માનો—શોકનાં, ક્રોધના અને દંભનાં.

ત્રણ બનવામાં સુખ માનો—અજ્ઞાન સેવક, વ્યર્થ નિંદાના પાત્ર અને પરસુખનાં સાધન.

ત્રણ વાતોનો દુરાગ્રહ ન કરો—સંપ્રદાયનો, પોશાકનો અને પોતાના મતનો.

ત્રણ વાતોનો હમેશાં સદાગ્રહ રાખો—સત્યનો, ધર્મનો અને સચ્ચરિત્રનો.

ત્રણ બનાવો—ધર્મશાળા, કૂવા અને દેવમન્દિર.

ત્રણની ઘૃણા ન કરો—રોગીની, નિર્ધનની અને હલકી જાતિના લોકોની.

ત્રણની ઘૃણા કરો—પાપની, અભિમાનની અને મનની મલિનતાની.

ત્રણ જગ્યાએ ન જાઓ—વેશ્યાગૃહ, જુગારખાનું અને દારૂનું પીઠું.

ત્રણ જગ્યાએ દરરોજ જાઓ—દેવમંદિર, સંતની ઝુંપડી અને આજીવિકાનું સ્થાન.

ત્રણની મશ્કરી ન કરો—અંગહીનની, વિધવા અથવા અનાથની અને દીન-દુઃખી પ્રાણીની.

ત્રણને હંમેશાં પ્રણામ કરો—ઇશ્વર, માતપિતા, પતિ વગેરે ગુરૂજન તથા સંત મહાત્મા.

ત્રણ બાબતો મનની ઉન્નતિ માટે હંમેશા નિયમિત કરો—સ્વાધ્યાય, ધ્યાન અને પોતાના માનસિક દોષોનું સ્મરણ.

ત્રણ બાબતો સ્વાસ્થ્ય માટે હંમેશાં નિયમિત કરો—શુદ્ધ હવામાં ફરવું, નિયમિત આહારવિહાર અને કુપથ્યનો ત્યાગ.

ત્રણ બાબતથી જ્ઞાન મળે છે—શ્રદ્ધા, તત્પરતા અને ઇન્દ્રિય સંયમ.

ત્રણ નરકના દરવાજામાં કદી પણ ન જાઓ—કામ, ક્રોધ અને લોભ.

ત્રણ આવશ્યક સાધન કરો—સમતા, સંયમ અને સર્વ પ્રાણીઓના હિતની ચેષ્ટા.

ત્રણને ગુરૂ ન બનાવો—સ્ત્રી સેવીને, ધનના લોભીને અને દંભીને.

ત્રણનું ચિંતન ન કરો—સ્ત્રીનું, ધનનું અને નાસ્તિકનું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણનું ચિંતન નિત્ય કરો–ભગવાનનું, સંતવાણીનું અને વૈરાગ્યનું.

ત્રણ મુખ્ય સાધન કરો-વૈરાગ્ય, અભ્યાસ અને ભગવાનની કૃપા પર વિશ્વાસ.

ત્રણ મહાન શક્તિઓનો આશ્રય ગ્રહણ કરો–ભગવાનની શરણગતિ, ભગવત્કૃપા તથા આત્મશક્તિ.

ત્રણ પર વિશ્વાસ રાખો—ભગવાનની દયા પર, આત્માની શક્તિ પર અને સત્ય શુદ્ધ આચરણ પર.

ત્રણ પર આસ્થા ન રાખો–કૂટનીતિ પર, દુરાચાર પર અને અસત્ય પર.

ત્રણ બાબત ભૂલી જાઓ–આપણે કોઈના ઉપર કરેલો ઉપકાર, બીજાએ આપણા પર કરેલો અપકાર, તથા ધન, માન, સાધન. વગેરે ને લઈને આપણી ઉંચી સ્થિતિ.

ત્રણ બાબત યાદ રાખો–આપણે કોઇને કરેલું નુકશાન, બીજાએ આપણા ઉપર કરેલો ઉપકાર અને ધન, માન, જીવન વગેરે સર્વ અનિત્ય છે, વિનાશી છે એ નિશ્ચય.

ત્રણ ન બનો–કૃતઘ્ન, દંભી તથા નાસ્તિક.

ત્રણ બનો–નમ્ર, સરલ અને ઇશ્વરમાં શ્રદ્ધાળુ.

ત્રણનો આશ્રય લ્યો–ઈશ્વરનો, આત્માનો અને નિરભિમાન પુરૂષાર્થનો.

ત્રણ બાબત ન જુઓ–પોતાના ગુણ, બીજાના દોષ અને પ્રાણીઓની રતિ ક્રીડા.

ત્રણ બાબત જુઓ–પોતાના દોષ, બીજાના ગુણ અને મહાત્માઓના આદર્શ ત્યાગપૂર્ણ આચરણ.

ત્રણનું ખંડન ન કરો–બીજાના ઈષ્ટનું, બીજાના શાસ્ત્રનું અને પોતાના નિશ્ચયનું.

ત્રણનું ખંડન કરો–કેવળ પ્રારબ્ધનું, અકર્મણ્યતાનું અને શાસ્ત્રવિરોધી આચરણનું.

ત્રણ પ્રકારના વચન બોલો–સત્ય, હિતકારી અને મધુર.

ત્રણ પ્રકારના વચન ન બોલો–અસત્ય, અનિષ્ટ કરનારૂં અને કડવું.

ત્રણ માટે જરૂર બોલો–ભગવદ્દગુણાનુવાદ, આવશ્યક સત્યવચન તથા પરોપકાર.

ત્રણની સાથે હંમેશાં સ્નેહપૂર્ણ વર્તન રહો–પોતાની પત્ની સાથે, પોતાના નોકરો સાથે તથા ગરીબ લોકો સાથે.

ત્રણની સેવામાં તમારૂં સદ્દભાગ્ય સમજો–માતાપિતાની, સંતમહાત્માની અને દુઃખી જીવોની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મારામજી શતાબ્દિ લેખમાળા.

## ( લેખાંક ૧ )

**શતાબ્દિની પ્રેરણાઃ—**

પંજાબમાં દયાનંદ સરસ્વતી કે જેઓ આર્યસમાજના સ્થાપક છે તેમની શતાબ્દિ થોડા સમય પર ઉજવાઇ, એ જોઈ પંજાબી બન્ધુઓને શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉજવવાની ઇચ્છા ઉદ્‌ભવી. એ વાત ભાગ્યેજ કોઇ જૈનથી અજાણી હશે કે આત્મારામજી મહારાજ અને દયાનંદજી સમકાલીન થયેલાં છે અને ઉભયની આકૃતિઓ એટલી મળતી આવે છે કે નવીન જોનાર એકને બદલે બીજાને ધારી લે. આમ છતાં ઉભયના સિદ્ધાંતો જુદી દિશામાં ગયેલાં છે. દયાનંદજીએ મૂર્તિપૂજાનો પ્રબળ વિરોધ કર્યો છે જ્યારે આચાર્યશ્રીએ એની સ્થાપના સચોટ દલીલોથી સિદ્ધ કરી દેખાડી છે. જેમ દયાનંદે આર્યસમાજનું બીજારોપણ કર્યું છે તેમ આચાર્યશ્રીએ પંજાબ કે જ્યાં સ્થાનકવાસી સંપ્રદાય જોરમાં હતો અને મૂર્તિપૂજક જૈનો શોધ્યા પણ જડતા ન હતા ત્યાં સતત પ્રયાસ સેવી મૂર્તિપૂજકો જન્માવ્યા અને દેવમંદિરોની શ્રેણીથી પંજાબને શોભિતું બનાવ્યું. જૈન સમાજ ઉપર પણ સૂરિજીનો ઓછો ઉપકાર નથી એટલે ઉભય વ્યક્તિઓએ પોતપોતાના ક્ષેત્રોમાં ચેતનાના પૂર રેડયા અને નવીન સમાજને જન્મ આપ્યો, એ જોતાં પંજાબી બન્ધુઓને જે ભાવના જન્મી એ વાસ્તવિક છે. જ્યારે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ પાસે એનો સ્ફોટ કરી પંજાબ પધારવા વિનંતિ કરી ત્યારે તેઓશ્રીને એક જ વિચાર આવ્યો કે જેમ આખા આર્યસમાજે શતાબ્દિ ઉજવી તેમ આખો જૈન સમાજ શા માટે આત્મારામજી મહારાજની શતાબ્દિ ન ઉજવે ?

---

ત્રણની સેવામાં આવશ્યકતા થતાં કદીપણ સંકોચ ન રાખો—મિત્રની, પોતાની પત્નીની અને અતિથિની.

ત્રણ બાબત ગુપ્ત રાખો—સાધન, ધન અને મૈથુન.

ત્રણ બાબત પ્રકટ કરો—પોતાના પાપ, બીજાનાં ગુણ અને પરોપકારનાં સાધન.

ત્રણ વાત પ્રકટ ન કરો—પરાયા છિદ્ર અથવા એવી વાત કે જેનાથી કોઇનું ખરાબ થાય, પોતાના પુણ્યની વાત અને ગુપ્ત શુભ મંત્રણા.

ત્રણને માથે ચઢાવીને સુખી થાઓ—મહાપુરૂષો તથા ભક્તોની ચરણરજ, તીર્થજળ અને પોતાની નિંદા

ત્રણ પામીને ફુલાઇ ન જાઓ માન, પરનિંદા અને પોતાની મોટાઈ.

ત્રણની કામનામાં ન ફસાઓ—ધન, પુત્ર અને સન્માન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### વીસમી સદીના પ્રભાવિક જ્યોતિર્ધર

# શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ

વર્ત્તમાન પેપરોદ્વારા અને સ્થાન સ્થાન પર જ્યારથી ન્યાયાંભોનિધિ પંજાબદેશોદ્ધારક જૈનાચાય શ્રીમદ્વિજયાનંદસૂરિ પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજને સો વર્ષ આ ચૈત્ર મહિને પૂર્ણ થાય છે, તેથી તેઓશ્રીની શતાબ્દિ મનાવવાનું નક્કી થયું છે ત્યારથી જૈન સમાજમાં, ગુરૂભકતોના અંતરંગોમાં ભારે આનંદ ઊર્મીઓ ઉછળી રહી છે, દરેકના મનોસુમનો પ્રફુલ્લિત થઇ રહ્યા છે અને ચૈત્ર માસની રાહ ચાતકની માફક જોઈ રહ્યા છે. ભાગ્યવાનો આ પુનિત પ્રસંગને ઘણા જ ઉત્સાહથી, અપૂર્વ કાર્યથી ઉજવવા પ્રયત્નો સેવી

---

આત્મારામજી મહારાજે પંજાબમાં **જૈન** ધર્મનો વિજય ધ્વજ ફરકાવ્યો એ સાચી વાત છતાં તેઓશ્રીનો ઉપકાર બીજા પ્રાંતો પર ઓછો ન હોતો. ગુજરાત-કાઠિયાવાડ-મારવાડ આદિ સ્થળોમાં તેઓ વિચર્યા ને પોતાની ઉપદેશશૈલીથી **જૈન** ધર્મના તત્ત્વોનો પ્રચાર કર્યો. જે કંઇ શિષ્ય સમુદાય આજે વિશાળ પ્રમાણમાં દ્રષ્ટિગોચર થાય છે તે મુખ્યત્વે કરીને એ મહારાજશ્રી તેમ જ તેમના ગુરૂભાઇ એવા શ્રી વૃદ્ધિચંદ્રજી અને શ્રી મૂળચંદજી મહારાજનો છે. એ ગુરૂ બંધુઓ વચ્ચે એખલાસ પણ સારો હતો. એ સંબંધમાં વધુ વિચાર આગળ પર કરીશું. અહીં તો કહેવાનું એ જ છે કે આચાર્યશ્રીની સલાહથી પંજાબી ભાઇઓને પ્રેરણા થયેલી તે સારાયે હિંદભરની **જૈન** સમાજ માટે પરિણમી. આમ આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉજવવાની ભાવનાનો જન્મ થયો અને ક્રમશ: સૂરિશ્રીના વિહાર સાથે એને વિસ્તાર વધવા માંડયો. એ કેવી રીતે વધ્યો ? આજે એ સંબંધમાં શું શું થઇ રહ્યું છે ? એ કયાં ઉજવાશે ? ઇત્યાદિ સવાલોની ચર્ચા આપણે અવસ્ય કરીશું પણ એનું સ્થાન અંતિમ રહેશે. આ પૂર્વે આત્મારામજી મહારાજના કેટલાક જીવનપ્રસંગો જોવા પડશે. એની સાથે વર્તમાન **જૈન** સમાજની પરિસ્થિતિનું તોલન કરવું પડશે અને એ પરથી ફલિતાર્થ તારવવો પડશે કે આપણે શતાબ્દિથી શું સાધવા માંગીએ છીએ. એક વાત એટલા સારૂં કહી દઇએ કે ગુરૂમહારાજના કેટલાક શિષ્યો તરફથી એવો પ્રશ્ન ઉપસ્થિત કરાયો છે કે શતાબ્દિ જન્મથી ગણવી કે સંવેગી સાધુ બન્યા ત્યારથી ? આનો જવાબ એક જ છે કે વ્યવહારમાં જે રીતે સો વર્ષ ગણવામાં આવે છે તે રીતે આ ગણત્રી છે એમાં ચર્ચાને અવકાશ નથી ઇચ્છા થાય તો ખુલ્લા હૃદયે સાથ આપો અને ગુરૂપ્રેમ દાખવો; નહિંતર શાંત રહો અને થતું કાર્ય નિહાળો. નકામા પથરા ફેંકવાથી શો લાભ ? "શુભે યથાશકિત યતનીયમ્" એ ન્યાયે આ કાર્ય થઇ રહ્યું છે અને ગુરૂપ્રતાપે એમાં આનંદ રહેશે.

**શ્રી ચોકશી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા છે. આવેલી સોનેરી તકને વિશ્વમાં વિશ્વવ્યાપક બનાવવા ભકતો તન-તોડ જહેમત–પરિશ્રમ ઊઠાવી રહ્યા છે. જૈન સમાજના આંગણે આવેલી, પૂર્વના પુણ્યોદયથી મળેલી આ સોનેરી તકને સફળ કરવા, ત્રીસમી સદીના દેદીપ્યમાન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખવા–લખાવવા ભરચક શુભ પ્રયત્નો આદરી રહ્યા છે. પંજાબથી માંડીને મારવાડ–મેવાડ, ગુજરાત, કાઠિયાવાડ, દક્ષિણ–મહારાષ્ટ્ર, મદ્રાસ, બંગાલ, રંગુન, કરાંચી, અને આફ્રિકા જેવા જેવા દેશોમાં ગુરૂભકતો પોતાની ભકિતનો પરચો આપી રહ્યા છે.

આ શતાબ્દિનું કાયમ સ્મરણ રાખવા એક સુંદર ફંડની વ્યવસ્થા કરવામાં આવી છે. એ ફંડમાંથી શ્રી આત્મારામજી મહારાજના સ્વહસ્તે લખાયેલા પુસ્તકોનો ઉદ્ધાર થશે, પ્રાચીન જૈન ઈતિહાસનો પુનરૂદ્ધાર થશે, પ્રાચીન સાહિત્યનો ઉદ્ધાર થશે અને જુની શોધખોળો કરી શૃંખલાબંધ અનેક પ્રાચીન–અર્વાચિન પ્રમાણો મેળવી જૈનધર્મની પ્રાચીનતા સિદ્ધ થાશે, તેમજ વર્ત્તમાન પદ્ધતિને લક્ષ્યમાં લઈ ચાલુ ભાષાઓમાં, દેશ–દેશની વિવિધ ભાષાઓમાં શાસનપતિ શ્રી મહાવીર પ્રભુના મધુર ઉપદેશોનો, તત્ત્વોનો અને હિતકારી સારભૂત સુંદર બોધવચનોનો ઉદ્ધાર થશે. પ્રત્યેક આત્માને પ્રભુ વચનોનો રાગી બનાવવા પ્રયત્નો યોજાશે આ રીતે ફંડની વ્યવસ્થા યોજાએલી છે.

આથી પ્રત્યેક જૈનની એ ફરજ છે કે પોતાની શકિતનુસાર ભકિતનો લાભ લેવા, આ ફંડને વધુ પુષ્ટ બનાવવા પ્રયત્નો કરવા જોઇએ. હરેક ગામવાળાઓને આથી સૂચના કરવામાં આવે છે કે તમોએ શતાબ્દિ માટે પ્રેમ–હાર્દિક ભાવ જે રીતે બતાવ્યો તેવી જ રીતે તમો તમારા ગામમાં નગરમાં ફંડનું કામ ચાલુ કરો, તમો તમારા આડોસી–પાડોસીઓને, મિત્રોને, સંબંધીઓને અને તમારા લાગતાવળગતાઓને આ ફંડના મેંબર બનાવો. ચિરસ્મરણીય આ કાર્યમાં સુંદર ફાળો આપી, અપાવી દાતાઓનું નામ અમર બનાવવા પ્રેરણાઓ કરો. જીંદગીની આ સુંદર તક સાધવા અને ગુરૂભકિતનો લહાવો લેવાનો છે. વારંવાર આ ટાઈમ નથી મળવાનો એ સહુએ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

આ શતાબ્દિ ફંડમાં એક સો ને એક ભરનાર મેંબર ગણાય છે. ફંડની વ્યવસ્થા વખતે પોતાનો અવાજ પહોંચાડી શકે છે. તેમ જ એક સો ને એક ભરનારને સ્મારક અંક, જે શતાબ્દિ મહોત્સવ ઉપર દળદાર પુસ્તકરૂપે અનેક નામી વિદ્વાનોના સુંદર–બોધપ્રદ લેખોથી ભરેલો પ્રગટ થશે તે આપવામાં આવશે. એ સ્મારક અંક બહાર આવતાંની સાથે ઈતિહાસમાં અનેરો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશ પાડનાર નીવડશે. દુનિયાના સુપ્રસિદ્ધ લેખકોના લેખો–ઈંગ્લિશ, હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓના લેખોથી એ અંક સ્મારક–ગ્રંથ વિભૂષિત બનેલો પ્રત્યેક મેંબરોના કોમલ કરકમલમાં આપવામાં આવશે. એ ભવ્ય મનોહર સ્મારક અંક પુસ્તકાલયોનું એક ઉત્તમોત્તમ આભૂષણરૂપ થશે તેમ જ દરેકનો સાચો મિત્ર થઇને રહેશે. આ સુંદર લાભ મેળવવા દરેક ભાઇ-બહેનોએ શતાબ્દિ ફંડમાં પોતાનું નામ મેંબર તરીકે લખાવી પોતાનું નામ અમર બનાવવું જ જોઇએ.

યદ્યપિ આ ફંડમાં વધુમાં વધુ રકમ એક સો ને એક રાખવામાં આવી છે. જેની શક્તિ આટલી રકમ આપવાની ન હોય તે પોતાની શક્તિને વિચારીને જેટલી આપે તેટલી લેવી પણ એમ ઠરાવ્યું છે. કોઇએ મુંઝાવું ન જોઇએ કે એક સો ને એક જ આપવાના છે. નહીં, નહીં તમારી ભાવના હોય તેટલી રકમ આપી શકો છો. જરૂર આપો અને તમારૂં નામ ફંડમાં નોંધાવો. આ ફંડ કેવળ શ્રીમન્તો માટે નથી પરંતુ દરેકને માટે છે. કહેવાની મતલબ એટલી જ છે કે સહુ ભાઇ–બહેનો આ ફંડમાં પોતાનું નામ શકિત અનુસાર લખાવો એ જ મારી સૂચના છે.

અત્રે એક વાત જણાવી દઉં છું કે આ કાર્ય પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પોતાની ફરજ સમજીને પોતાના માનનીય અને પૂજ્યોની સાથે પુખ્ત વિચારણા કરીને જ પછી જાહેર કર્યું છે. કોણ એવો ભાગ્યહીન હશે કે આવેલો આ બહુ મૂલ્યસમય ન વધાવી લે ? આ કાર્યથી જૈન સમાજને ઘણો જ ફાયદો રહેલો છે, તેથી યદિ કોઇ તમારા સમક્ષ પોતાની ફરજને ભૂલાવી દઇ, ગુરૂદ્રોહીપણાનું આ વખતે કાર્ય ભજવે તો તમો તે વખતે સાફ જણાવી દેજો કે પૂજ્યવર્ય શ્રી આત્મારામજી મહારાજ એકલા શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના નથી પરંતુ આખી જૈન સમાજના એ તારણહાર મહાત્મા છે, તેથી આ કામ પણ જૈનસમાજને અધિક ફાયદો પહોંચાડનાર છે એમાં બે મત કોઇના હોય એમ લાગતું નથી. શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ તો કેવળ નિમિત્તભૂત છે. લાભ તો જૈન સમાજને થવાનો છે.

વીસમીસદીના શ્રી આત્મારામજી મહારાજ મહાન્ જ્યોતિર્ધર થઇ ગએલા હોવાથી, તેમજ નીકટના પરમોપકારી હોવાથી એઓશ્રીના ઉપકારોનું પવિત્ર સ્મરણ આ શતાબ્દિદ્વારા કરી આપણે આપણી ફરજ અદા કરવાની

For Private And Personal Use Only

## ભાવનગરમાં જૈનોને અંગે શું શું છે ? તે માટે કંઈક ખુલાસો.

### ( ચર્ચાપત્ર )

કોઇપણ ગામ યા **શહેરમાં જૈન સમાજ** માટે જાણીતી વસ્તુ શું શું છે તે જણાવવું તે એક સામાન્ય ડીરેકટરી જેવું ગણી શકાય અને તેને માટે પૂર્ણ માહિતી મેળવ્યા પછી પ્રકટ કરાય–જણાવાય એ સીધો માર્ગ છે; છતાં પોતા માટે કંઇક અને અન્ય માટે જાણવા છતાં, નજરે જોવા છતાં, અપૂર્ણ લખવું કે બીલકુલ ન જણાવવું અને તેવી રીતે પ્રકટ કરવું તે બીજા માટે અન્યાય પૂરતું ગણાય કે કેમ તે વાચકને સોંપી તે માટે હવે ખુલાસો કરીએ છીએ. આ માસના ભાઇબંધ **જૈન** ધર્મ **પ્રકાશ**માં પા૦ ૩૨૭ મેં **ભાવનગરમાં જૈનોને અંગે શું શું છે ?** તે લેખમાં લેખક પોતાની માનેલ વસ્તુ માટે તો ગમે તે લખી શકે; પરંતુ આ સભાની હકીકત તે પેજમાં ૨૦ માં નંબરમાં જણાવતાં અપૂર્ણ અને પોતે જાણવા છતાં શ્રી કુંવરજી ભાઇએ અમુક ખાસ વસ્તુ જાણવા જેવી છોડી દીધી છે. પોતે પોતાની સંસ્થા માટે " સારા પાયાવાળી લાઇબ્રેરી અને વાંચનાલયવાળી " એમ લખે છે અને " આ સભાની લાઇબ્રેરી અને વાંચનાલય ફ્રી છે, જેમાં દશ હજાર પુસ્તકો છે અને ૫૨ પેપરો આવે છે, જૈન અને જૈનેતર પુષ્કળ મનુષ્યો લાભ લે છે તેટલું જ નહિં પણ ભાવનગરની તો શું પરંતુ હિંદમાં જૈનોની વસ્તીવાળા શહેરમાં જ્યાં જ્યાં જૈનોની લાયબ્રેરીઓ છે, તેના કરતાં સારી અને વ્યવસ્થિત પ્રથમ નંબરે આ સભાની લાયબ્રેરી છે, એમ દર્શનશાસ્ત્રના અભ્યાસી, જૈનધર્મના પ્રખર અભ્યાસી જર્મન પ્રોફેસર

---

છે. બાકી જેઓ શ્રી આત્મારામજી મહારાજના કહેવાતાં છતાં, શ્રી આત્મારામજી મહારાજના નામે આજ સુધી પોતાનું ટટ્ટુ ચલાવે જતાં છતાં જેઓ શ્રી આત્મારામજી મહારાજને માનતાં જ નથી એવા દુનીયાથી ઉતરી ગએલાઓને દૂર કરી દેવા જોઇએ. એમાં જ જૈનસમાજનું કલ્યાણ રહેલું છે. જેઓને પોતાના ગુરૂનીજ પડી નથી એ જૈનસમાજનું શું ઉકાળવાના હતા ? આવાઓ–કર્ત્તવ્યશૂન્યો શતાબ્દિ માટે ગમે તેમ પોકારો કરે તો કરવા જ દેવા. આપણે શાંતિથી કાર્યને સફળ કરવા જ ધ્યાન આપવું જોઈએ.

અંતમાં આટલું જ નિવેદન કરવું ઉચિત ધારૂં છું કે આપણા ભાગ્યોદયે પ્રાપ્ત થએલ આ શતાબ્દિને હરપ્રકારે સફળ કરવા અને વિશ્વમાં વ્યાપક બનાવવા સહુએ એકી સાથે યોગ્ય પ્રયત્નો આદરવા જોઇએ. શાસનદેવ બધા ગુરૂભકતોને આ ગુરૂભક્તિના અનુપમ કાર્યમાં પ્રેરણા કરે એટલું ઇચ્છી અત્રે જ વિરમું છું.

અછારી ( વાપી )
૧૯૯૨ આત્મ સં૦ ૪૦
તા. ૧૭–૧૨–૩૫
મંગળવાર

પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વર
મહારાજ અંતેવાસી
**ચરણવિજય**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**हां मूर्तिपूजा शास्त्रोक्त है:**—લેખક મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજ. શ્રી રત્નપ્રભાકરજ્ઞાનપુષ્પમાળાના ૧૫૩ મા નંબર તરીકે આ બુક ફલોદી–મારવાડથી પ્રગટ થયેલ છે. અનેક શાસ્ત્રાધારો આપી મૂર્તિપૂજા આ લઘુ બુકમાં સિદ્ધ કરવામાં આવી છે, તેટલું જ નહિ પરંતુ લેખક મુનિ મહારાજે મૂર્તિ નહિં માનનારાઓના સિદ્ધાંત લઇ તેને દલીલપૂર્વક અસિદ્ધ કરી બતાવ્યા છે, કિંમત ત્રણ આના. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

## મુંબઈની કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું વસતીપત્રક (સં. ૧૯૯૧)
## પ્રસિદ્ધકર્ત્તા પ્રકાશક સમિતિ.

દરેક કોમને પોતાની વ્યવહારિક અને ધાર્મિક ઉન્નતિ માટે વસતીપત્રકની ઉપયોગિતા સર્વદેશીય, સર્વમાન્ય હોય છે જ. વસતીપત્રક તે કોમના માટે દર્પણ સમાન છે, તેનાથી તે કોમ માટે શું શું કરવું યોગ્ય છે તે બતાવનાર ભોમીયા સમાન છે. વેપારમશહુર શ્રી કચ્છી દશા ઓશવાળ બંધુઓએ પોતાની જ્ઞાતિનું વસતીપત્રક તૈયાર કર્યું તે ડહાપણભરેલું કાર્ય કર્યું ગણાય. દરેક જ્ઞાતિઓને આ રીતે દર વર્ષે આ રીતે વસતીપત્રક કરવાની જરૂર છે જેથી. જ્ઞાતિની પ્રગતિ થઈ શકે. અમો આ બંધુઓને ધન્યવાદ આપીએ છીએ.

---

**નવ યુગનો જૈન**—લેખક શ્રીયુત **મોતીચંદ** ગિરધરલાલ કાપડીયા. પ્રકાશક જ્યોતિ કાર્યાલય–અમદાવાદ રૂા. ૧–૦–૦. લેખક મોતીચંદભાઇના અત્યાર સુધીનાં વાંચન, અવલોકન અને અનુભવના વિચારોના પરિણામરૂપે આ ગ્રંથ તેઓએ લખ્યો છે. ભવિષ્યમાં વ્યવહાર અને

---

સુજ્ઞીન સાહેબ પણ આ સભાના રેકર્ડમાં નોટ કરી ગયા છે, તે હકીકત, સિવાય આ સભાનો જ્ઞાનભંડાર ( મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહા૦ વગેરેએ સુપ્રત (ભેટ) કરેલ છે જેમાં શુમારે સોળસો લખેલી પ્રતો ( આખો ભંડાર) તે સિવાય છાપેલ પ્રતોનો છે, તે જાણવા છતાં શ્રીયુત કુંવરજીભાઇ તે હકીકતને ઉપરોક્ત લેખમાં બીલકુલ જણાવતાં નથી, તેટલા માટે જાહેરની જાણ માટે આટલું જણાવવા સાથે આ સભાની જ્યારે જ્યારે કોઇ વખત કોઇ વસ્તુ મેટર હોય ત્યારે કુંવરજીભાઇ આવી ઉદાસીનતા કેમ સેવે છે? અપૂર્ણ હકીકત કે જાણવામાં આવેલ હકીકત છતાં કેમ ભૂલે છે? તે સમજી શકાતું નથી. તે માટે આટલો ખુલાસો લખવો પડ્યો છે.

માસીક કમીટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મમાં મનુષ્યને માર્ગે દોરવી શકે અને તેમાં ઉપયોગી થાય તેવી અનેક બાબતોનો પોતાના વિચારનો સંગ્રહ આ ગ્રંથમાં કર્યો છે. જમાનાના તે કાળને કે અત્યારે કેટલું રૂચીકર કે અરૂચિકર કે બંધબેસતું થાય તેને માટે લેખકશ્રી કોઈ જાતનો દાવો ધરાવતા નથી, પરંતુ અત્યારે શું પરિસ્થિતિ છે ? ભવિષ્યમાં શું થશે ? અને શું કરવું જોઇએ ? તે માટે, આ ગ્રંથમાં પોતાના વિચારો જણાવે છે. આ ગ્રંથમાં ચર્ચાયેલ મુદ્દા ઉપર ઉહાપોહ તો જરૂર થવો જોઇએ, થશે જ. આમાંની ઘણી હકીકતો વાંચી અમુક વિચારવાળા ભડકશે પણ ખરા અને આ ગ્રંથમાં આવેલા બધા વિચારોને બધા સંમત ન પણ બને; પરંતુ વર્તમાન યુગને વિચાર કરવાની પ્રેરણા મળવા–થવા માટે લેખક મહાશયે પોતાના વિચાર આમાં બતાવ્યા છે. એકંદર રીતે આખો ગ્રંથ વાંચવાની જરૂર છે. જ્યોતિ ગ્રંથમાળાના પાંચમા પુસ્તકરૂપે અને જૈનજ્યોતિ પેપરના ગ્રાહકોને ભેટ તરીકે આ ગ્રંથ આપવામાં આવેલ છે.

---

**દિગંબર જૈનઃ**—( કહાની અંક ) સચિત્ર. જુદા જુદા વિદ્વાનોના હિંદી અને ગુજરાતી વિવિધ લેખો, વર્તમાન સમાચારો અને અનેક વિદ્વાનો વગેરેની છબીઓવડે આ અંક સુંદર બનાવ્યો છે. દર વર્ષ આ જાતની પ્રવૃત્તિ આ માસિક મોટો ખર્ચ કરી શકે છે અને દિગંબર જૈન સમાજને આ માસિકદ્વારા અનેક જાતનું સાહિત્ય વાંચન પૂરૂં પાડે છે. તેમનો આ સુપ્રયત્ન પ્રશંસાપાત્ર છે. ૨૯ મા વર્ષના પહેલા–બીજા અંક તરીકે આ સચિત્ર અંક પ્રગટ કરવા તેના સંપાદક અને પ્રકાશક શેઠ મુલચંદ કિસનદાસ કાપડીયા. [ સુરત ] ધન્યવાદને પાત્ર છે.

---

**સુધારો**—ગયા અંકના પ્રથમ પાનાની ખબરમાં દશમી લીટીમાં આ શ્લોકના ૨૧ અર્થ થાય છે તેને બદલે ૫૧ અર્થ થાય છે તેમ સમજવું

## શેઠ અનુપચંદ કલ્યાણજીનો સ્વર્ગવાસ.

વળાનિવાસી ભાઇ અનુપચંદ વળાથી પોતાના વ્યવહારિક કામે અત્રે આવતાં માત્ર હાર્ટફેલથી તા. ૨૪–૧૨–૩૫ ના રોજ શુમારે પચાસ વર્ષની ઉમરે અચાનક પંચત્વ પામ્યા છે. વળામાં ખાનદાન મહેતા કુટુંબમાં શ્રીમંતાઇમાં જન્મ્યા હતા. તેઓ શ્રીમંત હોવા છતાં સાદા, સરલ, મિલનસાર, શ્રદ્ધાળુ જૈન તરીકે સુપ્રસિદ્ધ હતા. આ સભાના તેઓ ઘણા વર્ષથી લાઇફ મેમ્બર હતા, જેથી તેવા એક સભાસદની સભાને ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને અનંત શાંતિ પ્રાપ્તિ થાઓ. તેઓના કુટુંબને દિલાસો આપવા સાથે તેના સુપુત્રો તેઓના પગલે ચાલી કુટુંબની કીર્તિમાં વધારો કરે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. (૪) મૂળ.

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ-ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું (અગાઉ છપાયેલ કોઇ આવૃત્તિઓનો નહિ) પરંતુ બે તાડપત્રીય પ્રાચીન પ્રતો અને ત્રણ પ્રાચીન કાગળની પ્રતોનો ઉપયોગ કરી એનું સંશોધન ઘણીજ પ્રમાણુક રીતે કર્યું છે. કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **આ ગ્રથને અંગે મળેલ આર્થિક સહાય થયેલ ખર્ચમાંથી બાદ કરી** માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

**જયંતિ**—માગશર વદ ૬ ના રોજ સ્વ૦ મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજશ્રીની સ્વર્ગવાસ તિથિ હોવાથી ગુરૂભકિત નિમિત્તે આ સભાએ સવારના સાડાઆઠ વાગે શ્રી દાદાસાહેબના જિનાલયમાં આચાર્યશ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજકૃત "**શ્રી પંચતીર્થ પૂજા**" ભણાવવામાં આવી હતી તેમ જ અંગરચના કરાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ–પ્રથમ અંશ. રૂા. ૩-૮-૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતિય અંશ. રૂા. ૩-૮-૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪-૦-૦
૪ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨-૦-૦

### છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ બીજો ભાગ. ૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ત્રીજો ભાગ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર. ( તૈયાર છે. ) રૂા. ૦-૨-૦
૨ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬
૩ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૪ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળા ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૨-૦-૦
૬ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ રૂા. ૦-૪-૦

---

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

### ( ગ્રંથમાળા ) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ. ૦-૨-૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ). ૦-૪-૦
૩ શ્રી વીતરાગ–મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર. ૦-૪-૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦-૮-૦

### છપાતાં ગ્રંથો.

૬ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા ( ગુજરાતી અક્ષરમાં )
૭ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.
૮ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૯ ધાતુપારાયણ. ૧૦ શ્રી વૈરાગ્ય કલ્પલતા (શ્રી યશોવિજયજીકૃત )

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું – ભાવનગર.

For Private And Personal Use Only